Ahmedabad
Feb 10, 2010

ગુજરાત

# કિડનીના રોગમાં કુદરતી ઉપચારથી સારાં પરિણામ મળ્યાં

અમદાવાદ, મંગળવાર

જો રોગગ્રસ્ત કીડનીને આરામ આપવામાં આવે અને તેના પર ભાર ન પડે તેવો ખોરાક લેવામાં આવે તથા બીજા કેટલાક કુદરતી ઉપચાર કરવામાં આવે તો તે આપોઆપ સારી થવા લાગે છે તેમ આજે કચ્છના ખરોઈ ખાતે આવેલા આનંદધામ નેચર ક્યોર સેન્ટર ખાતે કાર્યરત ડો.જય સંઘવીએ અમદાવાદમા સંસ્થાનું કેન્દ્ર ખોલવાના પ્રસંગે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે કીડનીના રોગીન એલોપથીક સારવાર ચાલુ રાખવા દઈને સાથે નેચરોપથીથી તેનો ઈલાજ કરવામાં આવે તો રીકવરી થવાના નક્કર ઉદાહરણો મળ્યા છે.

## પુનર્નવા, સાટોડી, ગોખરું, ગળી, કેળાના મૂળનું પાણી અને ભાતના સેવનથી કિડની પરનો બોજ ઘટાડવામાં આવે છે

ચેન્નઈના દર્દીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવવું પડતું હોય તેવા દર્દીએ ત્રણ મહિના તેના ઘરે જ રહીન કુદરતી ઉપચારનું પાલન કર્યું તો તેણે હવે પંદર દિવસમાં એક જ ડાયાલિસીસ કરાવવું પડે છે. આગામી મહિનામાં તેને ડાયાલિસીસ મુક્ત કરવાનો પણ ઈરાદો છે. સંદિપ નામના દર્દીની ડાબી કીડની બે મહિના પહેલા ફેઈલ થઈ ગઈ હતી પરંતુ કુદરતી ઉપચાર બાદ આજે તે બાર ટકા જેટલી કાર્યરત થઈ છે. તેના રિપોર્ટમાં સુધારો આવતા તેના તબીબે પણ કુદરતી ઉપચાર ચાલુ રાખવાનું સૂચન કર્યું છે. આ જ રીતે કીડનીની બિમારીને કારણે લેસીક્સ લઈ લઈને આખો દિવસ પેશાબ જતા લક્ષ્મી બહેન કીડનીની બિમારીમાંથી સંપૂર્ણ મુક્ત કરી શકાયા છે. આ બધા પરિણામો માત્ર કુદરતી ઉપચારના પત્રકના અનુસરણથી જ મળી શક્યા છે. આવા અનુસરણથી ત્રણ અઠવાડિયામાં પરિણામ મળવા માંડે છે.

આ સારવારમાં કોઈ સીક્રેટ નથી તથા શરૂમાં માર્ગદર્શન બાદ વ્યક્તિ પોતાના ઘરે પણ તેને અનુસરી શકે છે. આજે જ્યારે કચ્છના નાના તાલુકામાં ય ડાયાલિસીસ સેન્ટર ઉભા કરવા પડયા છે ત્યારે લોકો ભારે ખર્ચ અને પીડા વેઠવા કરતા કુદરતી રીતે સારા થઈ શકે છે એ વિશે જાગૃતિની જરૂર છે એના પર ભાર મૂકતા તેમણે કહ્યું કે કુદરતી ઉપચારમાં ભાતના ઉપયોગ પર વધારે ઝોક આપવામાં આવે છે. પ્રોટીનવાળા ખોરાકમાં કીડનીએ ઘણી બાયપ્રોડક્ટ કાઢવી પડે છે તેથી તેના પર ભાર પડે છે તેથી તેની અવગણના કરવામાં આવે છે. કેળાના મૂળમાંથી નીકળતું પાણી સવાર સાંજ દર્દીને એક-એક કપ આપવામાં આવે છે. પુનર્નવા, સાટોડી, ગોખરૂં અને ગળો ભેગા કરી ખાસ કિડની કાઢો બનાવીને પીવડાવવામાં આવે છે. હાયપરટેન્શન જેવી જે એલોપથી દવાનો આયુર્વેદમાં વિકલ્પ મળતો હોય તેની તબદીલી કરવામાં આવે છે.